For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**સવારે ૮ વાગ્યે પોસ્ટલ બેલેટથી ગણતરીનો પ્રારંભ, ૧૯ રાઉન્ડમાં પરિણામ સ્પષ્ટ થશે**

# આજે માંજલપુર પેટાચૂંટણીની મતગણતરી

**ત્રિસ્તરીય** સુરક્ષા સાથે 200થી વધુ પોલીસ કર્મીઓ તૈનાત, 42 કાઉન્ટિંગ સ્ટાફ ફરજ પર



(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

ભારતીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી 145-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી-2026ની મતગણતરી માટે વડોદરા ચૂંટણી તંત્રે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. મતગણતરી આજે સવારે 8 વાગ્યાથી માંજલપુર સ્થિત ભવન્સ સ્કૂલ ખાતે શરૂ થશે. સમગ્ર પ્રક્રિયા પારદર્શક અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

મતગણતરી માટે 14 ઈવીએમ ટેબલ તથા એક પોસ્ટલ બેલેટ ટેબલની વ્યવસ્થા કરવામાં આવી છે. કુલ 260 મતદાન મથકોના મતોની ગણતરી 19 રાઉન્ડમાં પૂર્ણ કરવામાં આવશે. સવારે સૌપ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી શરૂ થશે, ત્યારબાદ ઈવીએમના મતોની ગણતરી હાથ ધરાશે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડૉ. અનિલ ધામેલીયાના માર્ગદર્શન હેઠળ 42 કાઉન્ટિંગ સ્ટાફ અને 42 માઈક્રો ઓબ્ઝર્વર્સની નિમણૂંક કરવામાં આવી છે. ઉપરાંત ચૂંટણી સંબંધિત વિવિધ કામગીરી માટે આશરે 200 કર્મચારીઓ ફરજ પર રહેશે. ચૂંટણી પંચના જનરલ, પોલીસ અને એક્સપેન્ડીચર ઓબ્ઝર્વરની દેખરેખ હેઠળ સમગ્ર મતગણતરી પ્રક્રિયા હાથ ધરાશે. મતગણતરી કેન્દ્ર પર કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે 200થી વધુ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે ત્રિસ્તરીય સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

### માંજલપુર મતગણતરીને લઈ ભવન્સ સ્કૂલ આસપાસ ટ્રાફિક પ્રતિબંધ, વૈકલ્પિક માર્ગો જાહેર

માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીની મતગણતરી આજે ભવન્સ વી.એમ. પબ્લિક સ્કૂલ ખાતે યોજાનાર હોવાથી પોલીસ તંત્ર દ્વારા વિશેષ ટ્રાફિક વ્યવસ્થા અમલમાં મુકાઈ છે. પોલીસ કમિશ્નરે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-33 હેઠળ જાહેરનામું બહાર પાડી આજે સવારે 5 વાગ્યાથી મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ભવન્સ સર્કલને જોડતા મુખ્ય માર્ગો પર નો-પાર્કિંગ ઝોન જાહેર કર્યો છે તેમજ કેટલાક માર્ગો પર તમામ પ્રકારના વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. વાહનચાલકોને તરસાલી રોડ, વડસર બ્રિજ, માંજલપુર બ્રિજ, વિશ્વામિત્રી સર્કલ, જ્યુપીટર ચાર રસ્તા સહિતના વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાની અપીલ કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ટ્રાફિક સરળતાથી પસાર થાય તે માટે પોલીસ દ્વારા ખાસ બંદોબસ્ત ગોઠવાયો છે. એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, પોલીસ, અન્ય ઇમરજન્સી સેવા વાહનો તેમજ મતગણતરી માટેના પાસધારકોના વાહનોને પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**સ્થાનિકોની રોજિંદા જીવનની મુશ્કેલીઓમાં વધારો**

# પોર નજીક દોલતપુરામાં કોઝવે પર પાણી ફરી વળતા ગામનો મુખ્ય સંપર્ક રસ્તો બંધ

**ભારે** વરસાદે ગ્રામજનોને ઘરમાં કેદ કર્યા



(પ્રતિનિધિ), વડોદરા. તા.૨

વડોદરા નજીક આવેલા પોર વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા મુસળધાર વરસાદને કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું છે. ઉપરવાસમાં સતત વરસી રહેલા ભારે વરસાદના પગલે પોર પાસેના અણખી ગામેથી પસાર થતી કોતરમાં જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઈ છે. કોતરમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતાં અણખીથી દોલતપુરા ગામને જોડતો મહત્વનો કોઝવે પાણીમાં ડૂબી ગયો છે. આ કોઝવે પર પાણી ફરી વળવાને કારણે દોલતપુરા ગામ તરફ જવાનો એકમાત્ર સંપર્ક રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. પરિણામે, દોલતપુરા ગામ બાકીના જિલ્લા સાથેથી તદ્દન વિચ્છિન્ન થઈ ગયું છે અને આખું ગામ સંપર્ક વિહોણું બન્યું છે.

રસ્તો બંધ થઈ જવાની આ અચાનક સર્જાયેલી આપત્તિના કારણે દોલતપુરા ગામના સ્થાનિક રહેવાસીઓને રોજિંદા જીવનમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દૂધ, શાકભાજી અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની આપલે અટકી ગઈ છે. ઉપરાંત, નોકરી-ધંધે કે અભ્યાસ અર્થે બહાર જતા યુવાનો અને નાગરિકો પણ ઘરમાં જ કેદ થઈ ગયા છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, દર વર્ષે ચોમાસાની સિઝનમાં આ કોઝવે પર પાણી ફરી વળવાની સમસ્યા સર્જાતી હોય છે, જેના કારણે કાયમી ધોરણે કોઈ ઉકેલ લાવવામાં આવે તેવી માંગણી લાંબા સમયથી કરવામાં આવી રહી છે.

સ્થાનિક તંત્ર દ્વારા આ બાબતે ગંભીર નોંધ લેવામાં આવી છે અને પાણીનો પ્રવાહ ઓછો થાય ત્યારબાદ તાત્કાલિક ધોરણે રસ્તો પૂર્વવત કરવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે સ્થાનિક વહીવટી તંત્ર સજ્જ છે.

# દેવ ડેમ ૬૦.૧૮ ટકા ભરાયો: ૨ દરવાજા ૦.૧૫ મીટર ખોલાયા

**1004** ક્યુસેક પાણીની આવક : છેલ્લા 24 કલાકમાં ડેમ વિસ્તારમાં વરસાદ નહીં, કુલ 514 મીમી વરસાદ નોંધાયો



(પ્રતિનિધિ) વડોદરા,તા.2

જિલ્લાના મહત્વના જળાશય દેવ ડેમની સપાટીમાં સ્થિરતા જોવા મળી રહી છે. રવિવારે સાંજના 5 વાગ્યા સુધીમાં ડેમની સપાટી 87.45 મીટર નોંધાઈ છે. જે ડેમની કુલ સંગ્રહ ક્ષમતાના 60.18 ટકા છે. ડેમની પૂર્ણ સપાટી એફઆરએલ 89.65 મીટર અને સૌથી ઉંચી સપાટી એચએફએલ 90.15 મીટર સામે હાલની સપાટી નિયમ મુજબની સપાટી 88.02 મીટરથી થોડી નીચે છે.

ડેમમાં હાલ 1004.12 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે કુલ 901.57 ક્યુસેક પાણીનો જાવક કરવામાં આવી રહ્યો છે. સપાટીને નિયંત્રિત રાખવા માટે ડેમના 2 દરવાજા નં. 4 અને 5 દરેક 0.15 મીટર ખોલવામાં આવ્યા છે. આમ કુલ 0.30 મીટર જેટલું પાણી છોડવામાં આવી રહ્યું છે. છેલ્લા 24 કલાકમાં દેવ ડેમ વિસ્તારમાં વરસાદ 00 મીમી નોંધાયો છે. જ્યારે સિઝનનો કુલ વરસાદ 514 મીમી થવા પામ્યો છે. સહાયક વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો છે. શિવરાજપુરમાં 04 મીમી અને સિઝનનો કુલ 604 મીમી વરસાદ પડ્યો છે. જ્યારે રામેશ્વરામાં 01 મીમી વરસાદ સાથે સિઝનનો કુલ આંક 401 મીમીએ પહોંચ્યો છે. હાલ ડેમની સપાટી સ્થિર હોવાથી નીચાણવાળા વિસ્તારોને કોઈ ભય નથી. તેમ છતાં તંત્ર દ્વારા ડેમ અને નદીની સપાટી પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# ભાયલીમાં જાહેર રોડ પર કારથી જોખમી સ્ટંટ, વીડિયો વાયરલ



(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરાના ભાયલી ટીપી-24 વિસ્તારમાં આવેલા 75 મીટરના જાહેર માર્ગ પર કેટલાક યુવકો મોંઘીદાટ કારથી જોખમી સ્ટંટ કરતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જાહેર માર્ગ પર બેફામ સ્ટંટબાજીના કારણે અન્ય વાહનચાલકો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાયા હોવાની ચર્ચા ઉઠી છે. ઘટનાને પગલે સ્થાનિક રહીશોએ ભારે રોષ વ્યક્ત કરી પોલીસ તાત્કાલિક કાર્યવાહી કરે તેવી માંગ કરી છે. નાગરિકોએ વાયરલ વીડિયોના આધારે જવાબદારોની ઓળખ કરી તેમની સામે કડક કાનૂની પગલાં ભરવા તેમજ જાહેર માર્ગો પર આવી સ્ટંટબાજી અટકાવવા કડક દેખરેખ રાખવાની અપીલ કરી છે.

**પંથકમાં મેઘતાંડવને કારણે એકમાત્ર રસ્તો બંધ થતા જનજીવન ઠપ**

# જાંબુવાસહિતઅનેકગામોસંપર્કવિહોણા, ૧૦૦ કરોડનો બ્રિજ પાણીમાં ગરકાવ

**ગામની** ગલીઓમાં પાણી સાથે મગરો ધસી આવતા ગ્રામજનોમાં ભારે ફાટકો



(પ્રતિનિધિ) વડોદરા તા.2

ઉપરવાસમાં અને વડોદરા શહેર સહિત આસપાસના વિસ્તારોમાં પડી રહેલા અવિરત અને ભારે વરસાદે સમગ્ર પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જી દીધી છે. મુશળધાર વરસાદ અને નદી-નાળાઓ છલકાઈ જવાના પગલે વડોદરાની આસપાસ આવેલા અનેક ગામડાઓનો શહેરી વિસ્તારો સાથેનો સંપર્ક તૂટી ગયો છે. ઠેર-ઠેર જળભરાવ થવાના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે અને અનેક પરિવારો પોતાના જ ઘરોમાં કે ગામમાં કેદ થવા મજબૂર બન્યા છે. વહીવટી તંત્ર સામે આ વિકટ પરિસ્થિતિમાં લોકોને રાહત પહોંચાડવાનો મોટો પડકાર ઊભો થયો છે.

વરસાદી કહેરનો સૌથી મોટો શિકાર આસપાસના ગ્રામ્ય વિસ્તારો બન્યા છે, જેમાં ખાસ કરીને જાંબુવા ગામની હાલત અત્યંત કફોડી બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ગામને જોડતો અને અંદાજિત ૧૦૦ કરોડ રૂપિયાના તોતિંગ ખર્ચે બનાવવામાં આવેલો બ્રિજ પણ પૂરના ધસમસતા પાણીમાં સંપૂર્ણપણે ગરકાવ થઈ ગયો છે. બ્રિજ પર મોટા પ્રમાણમાં પાણી ફરી વળતા ગામમાં પ્રવેશવા માટેનો એકમાત્ર રસ્તો સુરક્ષાના ભાગરૂપે બંધ કરી દેવામાં આવ્યો છે. પરિણામે આખું ગામ હવે સંપર્કવિહોણું બની ગયું છે. ગામના ખેતરોથી લઈને સાંકડી ગલીઓ અને મુખ્ય રસ્તાઓ પર ચારેતરફ માત્ર અને માત્ર પાણી જ જોવા મળી રહ્યું છે. ખેતરોમાં પાણી ભરાઈ જવાના કારણે ઊભા પાકને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું હોવાની ભીતિ સેવાઈ રહી છે.

આ કુદરતી આફત વચ્ચે સ્થાનિકોની મુશ્કેલીમાં વધારો કરતો વધુ એક ભયાનક અહેવાલ સામે આવ્યો છે. ગામમાં ભરાયેલા વરસાદી પાણીની સાથે સાથે હવે મગરો પણ રહેણાંક વિસ્તારો અને ગલીઓમાં આવી ગયા છે.

# વડોદરા-દાહોદ મેમુ ટ્રેન ૫ ઓગસ્ટ સુધી રદ રહેશે

**પરિચાલન** કારણોસર લેવાયો નિર્ણય, મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા કરવા અનુરોધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.2


પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેન નંબર 69233/69234 વડોદરા - દાહોદ - વડોદરા મેમુ પેસેન્જર ટ્રેનના રદબાતલની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. રેલવે તંત્ર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, પરિચાલન અને સંચાલન સંબંધિત કારણોસર અગાઉ રદ કરવામાં આવેલી આ મેમુ ટ્રેન હવે તા. 05 ઓગસ્ટ, 2026 સુધી સંપૂર્ણપણે રદ રહેશે.

વડોદરા-દાહોદ મેમુ ટ્રેન વડોદરાથી દાહોદ અને દાહોદથી વડોદરા વચ્ચે દોડતી હતી અને રોજેરોજ મોટી સંખ્યામાં નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને વેપારીઓ આ ટ્રેનનો ઉપયોગ કરતા હતા. રેલવેના અધિકારીઓએ જણાવ્યું કે, મુસાફરોની સુવિધા અને સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. રદબાતલના કારણે વડોદરા સહિત વાસદ, દેરોલ, પીપલોદ, સુરાપુરા, લુનવા, દાહોદ સહિતના સ્ટેશનોના મુસાફરોને અસર થશે. પશ્ચિમ રેલવેએ તમામ મુસાફરોને અનુરોધ કર્યો છે કે તેઓ ઉપરોક્ત સુધારેલી વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને જ પોતાની મુસાફરીનું આયોજન કરે. વૈકલ્પિક ટ્રેન અથવા અન્ય વાહનની વ્યવસ્થા સમયસર કરી લેવા પણ સૂચના આપવામાં આવી છે. રેલવેએ સ્પષ્ટતા કરી છે કે મુસાફરોએ ફક્ત વૈધ આરક્ષિત ટિકિટ સાથે જ મુસાફરી કરવી. ટ્રેનના ઠહેરાવ, સમય અને કોચની રચના સહિતની વિગતવાર માહિતી માટે મુસાફરો પશ્ચિમ રેલવેની અધિકૃત વેબસાઈટ પર મુલાકાત લઈ શકે છે. અથવા નજીકના રેલવે સ્ટેશનની પૂછપરછ કાઉન્ટર પરથી પણ માહિતી મેળવી શકાશે. રેલવે તંત્ર દ્વારા મુસાફરોને થઈ રહેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કરવામાં આવ્યો છે અને જણાવવામાં આવ્યું છે કે પરિસ્થિતિ સામાન્ય થયા બાદ ટ્રેનને ફરીથી નિયમિત કરવામાં આવશે.

**આજવા સરોવરનું જળસ્તર 210 ફૂટે, ઉપરવાસમાં વરસાદને પગલે નદીની સપાટી પર નજર**

# વિશ્વામિત્રીમાં પાણીની આવક વધતાં ચિંતા, નદીની સફાઈ અને ઊંડાણ મુદ્દે તંત્ર નિષ્ફળ

**દર ચોમાસે** પૂર જેવી સ્થિતિ સર્જાતાં કાયમી ઉકેલની લોકમાંગ તેજ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યભરમાં પડી રહેલા વરસાદ અને ઉપરવાસમાં થયેલા ભારે વરસાદના કારણે વડોદરાની વિશ્વામિત્રી નદીમાં નવા નીરની સતત આવક થઈ રહી છે. દેવ નદીમાંથી પાણી છોડવામાં આવતાં આજવા સરોવર અને વિશ્વામિત્રી નદીનું જળસ્તર વધી રહ્યું છે. જોકે દર ચોમાસે સર્જાતી આ સ્થિતિ વચ્ચે નદીની સફાઈ અને ઊંડાણની કામગીરીને લઈને સ્થાનિકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોનું કહેવું છે કે વર્ષો સુધી વિશ્વામિત્રી નદીનું યોગ્ય રીતે ડીપનિંગ અને ડીસિલ્ટિંગ ન થતાં તેની વહન ક્ષમતા ઘટી ગઈ છે. પરિણામે સામાન્ય વરસાદમાં પણ નદી ઝડપથી છલકાઈ જવાની સ્થિતિ સર્જાય છે. અનેક લોકોના મત મુજબ, એક સમયે વિશાળ ગણાતી વિશ્વામિત્રી આજે અનેક સ્થળે સાંકડી બની ગઈ છે, જેના કારણે પૂરનું જોખમ વધી રહ્યું છે. તેઓ તંત્ર પાસે માત્ર કામચલાઉ નહીં પરંતુ કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે.

હાલની સ્થિતિ મુજબ આજવા સરોવરનું જળસ્તર 210 ફૂટે પહોંચ્યું છે. સરોવરની સપાટી 214 ફૂટે પહોંચતા નિયમ મુજબ તબક્કાવાર પાણી વિશ્વામિત્રીમાં છોડવામાં આવશે. બીજી તરફ કાળાઘોડા બ્રિજ પાસે વિશ્વામિત્રી નદીની સપાટી 16 ફૂટ નોંધાઈ છે, જ્યારે ભયજનક સપાટી 26 ફૂટ માનવામાં આવે છે. ઉપરવાસમાં વરસાદ ચાલુ રહે તો જળસ્તર ઝડપથી વધી શકે છે. જાંબુઆ અને ઢાઢર નદીમાં પણ પાણી છોડવામાં આવી રહ્યું છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્રએ નીચાણવાળા વિસ્તારોના લોકોને સતર્ક રહેવા સૂચના આપી છે અને જરૂર જણાય ત્યાં સ્થળાંતરની તૈયારીઓ પણ શરૂ કરી છે. સ્થાનિકોનું માનવું છે કે વિશ્વામિત્રી નદી માટે લાંબા ગાળાનું આયોજન હવે સમયની જરૂરિયાત બની ગયું છે.

# ૭ દિવસ વાદળછાયું વાતાવરણ રહેશે, તાપમાન ૩૦.૪ ડીગ્રી નોંધાયું

**જિલ્લામાં** સરેરાશ 1.88 મીમી વરસાદ નોંધાયો

**સૌથી** વધુ વરસાદ વાઘોડિયા તાલુકામાં 5 મીમી પડ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

હવામાન વિભાગની આગાહી મુજબ વડોદરા શહેર અને જિલ્લામાં આગામી એક સપ્તાહ સુધી વાદળછાયું વાતાવરણ અને હળવા વરસાદની શક્યતા છે. રવિવારે વડોદરાનું મહત્તમ તાપમાન 30.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 25.6 ડીગ્રી નોંધાયું હતું. ગઈકાલથી આજે સવારે 8:30 સુધી 12 મીમી વરસાદ પડ્યો હતો. રવિવારે સાંજે સાડા છ વાગ્યા સુધીમાં 2 મીમી વરસાદ નોંધાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ સવારે 94% અને સાંજે 83% રહ્યું હતું. હવામાન વિભાગની 7 દિવસની આગાહી મુજબ, આજે તા. 03 ઓગસ્ટથી તા. 08 ઓગસ્ટ સુધી સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને હળવો વરસાદ રહેવાની શક્યતા છે. આગામી 7 દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 31 ડિગ્રી થી 33 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26 ડિગ્રી ની આસપાસ રહેવાનો અંદાજ છે. આ સિવાય અન્ય કોઈ દિવસ માટે ખાસ ચેતવણી આપવામાં આવી નથી. જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ જિલ્લામાં સરેરાશ 1.88 મીમી વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ વાઘોડિયા તાલુકામાં 5 મીમી પડ્યો હતો. ડેસરમાં 4 મીમી, વડોદરા અને સિનોરમાં 2-2 મીમી, સાવલી અને કરજણમાં 1-1 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ડભોઈ અને પાદરામાં વરસાદ નોંધાયો નથી. સિઝનનો કુલ વરસાદ જોઈએ તો જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ 471.88 મીમી વરસાદ પડી ચૂક્યો છે. જેમાં સૌથી વધુ શિનોરમાં 719 મીમી અને સૌથી ઓછો સાવલીમાં 285 મીમી વરસાદ નોંધાયો છે.

**અક્ષર કન્સલ્ટન્સીના સંચાલકે કટકે-કટકે રકમ પડાવી લીધા બાદ વિઝા ન આપ્યા**

# UKના વિઝા અપાવવાના નામે કેટરિંગના વેપારી સાથે રૂ.૧૨.૪૪ લાખની છેતરપિંડી

**વારંવાર** માંગણી કરવા છતાં નાણાં પરત ન આપતા વેપારીએ પોલીસના દ્વાર ખખડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેર ના અકોટા-મુજમહુડા વિસ્તારમાં આવેલી અક્ષર કન્સલ્ટન્સીના સંચાલક અનુશ પટેલ નામના વિઝા એજન્ટે યુ.કે. (UK) જવા ઈચ્છુક કેટરિંગના વેપારી પાસેથી વિઝા અપાવવાના બહાને રૂ. ૧૨.૪૪ લાખની માતબર રકમ પડાવી લીધી હતી. સમય પસાર કર્યા બાદ પણ એજન્ટે વિઝા ન આપી છેતરપિંડી આચરી હતી. આખરે વેપારીએ એજન્ટ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વડોદરાના ફતેપુરા વિસ્તારમાં રહેતા અને 'પંડ્યા કેટરર્સ' નામે વ્યવસાય કરતા ભાવેશભાઈ રસિકભાઈ પંડ્યા પોતાના કુટુંબ સાથે રહે છે. વિદેશમાં સગા-સંબંધીઓ અને મિત્રો હોવાથી તેમણે યુ.કે. જવાનું વિચાર્યું હતું. આ દરમિયાન સોશિયલ મીડિયા પર 'અક્ષર કન્સલ્ટન્સી'ની જાહેરાત જોઈને તેઓ ડિસેમ્બર ૨૦૨૫માં મુજમહુડા સ્થિત સિલ્વર કોમ્પ્લેક્સમાં આવેલી કન્સલ્ટન્સીની ઓફિસે ગયા હતા. ત્યાં હાજર અનુશ પટેલે પોતે વર્ષોથી વિઝા એજન્ટ તરીકે કામ કરતો હોવાની અને ઓછા ખર્ચે સારી નોકરી અપાવવાની ખાતરી આપી હતી. યુ.કે.ના વિઝા માટે કુલ રૂ. ૧૪ લાખનો ખર્ચ થશે તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો. વિશ્વાસમાં આવીને ભાવેશભાઈએ તા. ૨૪/૧૨/૨૦૨૫ ના રોજ બેંક ઓફ બરોડાના ખાતામાંથી અનુશ પટેલના HDFC બેંક ખાતામાં રૂ. ૫ લાખ RTGS કર્યા હતા. ત્યારબાદ અલગ-અલગ તારીખે ગુગલ-પે તથા RTGS મારફતે મળી કુલ રૂ. ૧૨. ૪૪ લાખની રકમ પડાવી લેવામાં આવી હતી.

લાંબો સમય વીતી ગયા છતાં વિઝા ન આવતા અને અનુશ પટેલ અવારનવાર ફોન ઉપાડવાનું બંધ કરી દેતાં ભાવેશભાઈને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. જ્યારે તેમણે રૂપિયા પરત માંગ્યા ત્યારે અનુશ પટેલે તમારું કામ થાય તેમ નથી, તમારા નાણાં થોડા દિવસોમાં પરત કરી દઈશું તેવું આશ્વાસન આપ્યું હતું. પરંતુ આજદિન સુધી રકમ પરત ન કરી છેતરપિંડી કરી હતી કર્યો હતો. છેવટે, પોતાની સાથે બનેલી છેતરપિંડી અંગે ભાવેશભાઈ પંડ્યાએ વડોદરા પોલીસ મથકે અનુશ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# મુંબઈમાં નવજાત શિશુના સોદાના કેસમાં વધુ બે આરોપી ઝડપાયા

**કુલ** આરોપીઓનો આંક 9 પર પહોંચ્યો

**ક્રાઇમ બ્રાન્ચે** તોફિક અને સાહિલને પણ ઝડપી પાડ્યા, પિતા સહિતના ચારેય આરોપીઓને કોર્ટમાં રિમાન્ડ રજૂ કરાશે

(પ્રતિનિધિ) વડોદરા તા 2

વડોદરા ક્રાઈમ બ્રાન્ચની એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટે નવજાત શિશુને મુંબઈમાં વેચવાના ચકચારી કેસમાં વધુ બે આરોપીઓની ધરપકડ કરતાં કુલ આરોપીઓની સંખ્યા 9 થઈ છે. અગાઉ પાંચ આરોપીઓ બાદ શ્રવણ પરમાર અને લક્ષ્મણ મુળી ઝડપાયા હતા, જ્યારે હવે તોફિક અને સાહિલને પણ પોલીસે ઝડપી પાડ્યા છે.

માત્ર આઠ દિવસના નવજાત શિશુને મુંબઈમાં વેચવાના કાવતરાનો ભાંડો ફોડ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચે તપાસ વધુ તેજ બનાવી છે. આ કેસમાં અગાઉ દંપતી સહિત પાંચ આરોપીઓ ઝડપાયા હતા. ત્યારબાદ શ્રવણ દુધાભાઈ પરમાર અને લક્ષ્મણભાઈ મોતીભાઈ મુળીની અટકાયત કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મહારાષ્ટ્ર સુધી તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો હતો અને પોલીસની ટીમોએ ત્યાં તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન વધુ બે આરોપી તોફિક અને સાહિલને ઝડપી લેવામાં આવ્યા છે. આ સાથે કેસમાં કુલ આરોપીઓની સંખ્યા 9 પર પહોંચી છે. પોલીસે ચારેય નવા ઝડપાયેલા આરોપીઓની વધુ પૂછપરછ માટે તેમને આજે કોર્ટમાં રજૂ કરી પોલીસ રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે. કેસમાં બાળ તસ્કરીના સમગ્ર રેકેટ અને તેમાં સંડોવાયેલા અન્ય લોકોની ભૂમિકા અંગે તપાસ હજુ પણ ચાલુ કોનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે.

**દંખેડા નજીક માઇનોર કેનાલમાં ભંગાણથી ખેતરોમાં પાણી ફરી વળ્યું**

# ૪ મહિનામાં જ તૂટી દેવ સિંચાઈ યોજનાની કેનાલ, ખેડૂતોના પાકને ભારે નુકસાન

**વળતર** અને ટેકનિકલ તપાસની માંગ, કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવા ખેડૂતોનો આક્રોશ



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 2

વાઘોડિયા તાલુકાના દંખેડા ગામ નજીક દેવ સિંચાઈ યોજનાની માઈનોર કેનાલમાં અચાનક ભંગાણ સર્જાતા મોટી માત્રામાં પાણી આસપાસના ખેતરોમાં ફરી વળ્યું હતું. કેનાલનું નિર્માણ માત્ર ચાર મહિના અગાઉ પૂર્ણ થયું હોવા છતાં તેમાં ગાબડું પડતાં બાંધકામની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

ભંગાણને કારણે ખેતરોમાં પાણી ઘૂસી જતાં ઊભો પાક પાણીમાં ગરકાવ થઈ ગયો હતો, જ્યારે કેટલાક ખેતરોમાં પાક ધોવાઈ જતાં ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ઘટનાની જાણ થતાં ગ્રામજનો અને ખેડૂતો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા અને તંત્ર સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, કેનાલના નિર્માણમાં હલકી ગુણવત્તાની સામગ્રીનો ઉપયોગ થતાં આ સ્થિતિ સર્જાઈ છે. ખેડૂતોનું કહેવું છે કે સરકારી નાણાં ખર્ચાયા હોવા છતાં ચાર મહિનામાં જ કેનાલ તૂટી જવી ગંભીર બાબત છે. અસરગ્રસ્ત ખેડૂતોએ પાક નુકસાનનો તાત્કાલિક સર્વે કરી યોગ્ય વળતર ચૂકવવાની માંગ સાથે સમગ્ર બાંધકામની નિષ્પક્ષ ટેકનિકલ તપાસ કરવાની માંગ ઉઠાવી છે. ઉપરાંત, જો બાંધકામમાં બેદરકારી કે અનિયમિતતા સામે આવે તો જવાબદાર એજન્સી અને કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

# ભારે વરસાદ વચ્ચે રેલવેની ત્વરિત કામગીરી, મોટી દુર્ઘટના ટળી

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ભારે વરસાદને કારણે મુંબઈ-અમદાવાદ રેલવે માર્ગના આણંદ-કંજારી બોરિયાવી રેલખંડ પર બ્રિજ નં. 650 પાસે ધોવાણ થતાં પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે તાત્કાલિક કાર્યવાહી કરી મોટી દુર્ઘટના ટાળી હતી. પેટ્રોલિંગ દરમિયાન ખામી જણાતા તરત જ કોશન સ્પીડ લાગુ કરવામાં આવી અને મોન્સૂન રિલીફ રેક સ્થળે મોકલાયો હતો. એન્જિનિયરિંગ ટીમે યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરી થોડા જ સમયમાં ટ્રાફિક ફરી શરૂ કર્યો હતો. બાદમાં ટ્રેકને વધુ મજબૂત બનાવવા માટે એન્જિનિયરિંગ બ્લોક લઈ જરૂરી કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. વડોદરા મંડળના ડીઆરએમ રાજુ ભડકેએ જણાવ્યું કે, માનસૂન પૂર્વેની તૈયારી અને ટીમના સંકલિત પ્રયાસોથી વ્યસ્ત મુંબઈ-અમદાવાદ રૂટ પર રેલવે સંચાલન ઝડપથી સામાન્ય બન્યું અને યાત્રિકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ હતી.

# વોર્ડ-૧૧થી નીલાંબર સર્કલ રોડ બિસ્માર, વાહનચાલકોમાં ભારે રોષ



**ચોમાસા** બાદ અસંખ્ય ખાડા પડતાં અકસ્માતનો ભય, ટ્રાફિક પર અસર

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા શહેરના વોર્ડ નંબર-11થી નીલાંબર સર્કલ તરફ જતો મુખ્ય માર્ગ ચોમાસાના વરસાદ બાદ અત્યંત બિસ્માર બની ગયો છે. માર્ગ પર અસંખ્ય નાના-મોટા ખાડા પડતાં દૈનિક વાહનચાલકો અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને સાંજના સમયે ટ્રાફિકનું ભારણ વધતાં વાહનોની લાંબી કતારો સર્જાય છે અને અકસ્માતનો ભય પણ વધી ગયો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, દ્વિચક્રી વાહનચાલકો વારંવાર સ્લિપ થતાં ઈજાગ્રસ્ત થવાના બનાવો બની રહ્યા છે તેમજ વાહનોને પણ નુકસાન થઈ રહ્યું છે. મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતું પેચવર્ક વરસાદના થોડા જ સમયમાં ધોવાઈ જતાં સમસ્યા યથાવત રહે છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ માત્ર કામચલાઉ સમારકામને બદલે આ સમગ્ર માર્ગ પર કાયમી આર.સી.સી. રોડનું નિર્માણ કરવાની માંગ ઉઠાવી છે, જેથી ચોમાસામાં વારંવાર સર્જાતી મુશ્કેલીમાંથી કાયમી રાહત મળી શકે.